# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. નવી દિલ્હી ખાતે પ્રધાનમંત્રીની ઉપસ્થિતીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળતા નીતિન નબીન..
2. સરકાર દ્વારા તૈયાર કરાયેલા ભાષણમાં ભૂલો હોવાનું જણાવીને તામિલનાડુના રાજ્યપાલ ભાષણ કરવાનો ઇન્કાર કરીને પરત ફર્યા
3. સબરીમાલા મંદિર સંબંધિત સોના અને અન્ય મંદિર સંપત્તિના દૂરઉપયોગ મામલે ઇડીના કેરળ, તમિલનાડુ અને કર્ણાટકમાં 21 સ્થળોએ દરોડા
4. અમેરિકાના ટેરિફની ધમકીના મામલે યુરોપિયન યુનિયને આપાતકાલીન બેઠક બોલાવી
5. રમતજગતમાં ખેલો ઇન્ડિયા વિંટર ગેમ્સનો આજે લેહમાં આરંભ.. મહિલા પ્રિમયર લિગમાં આજે વડોદરા ખાતે દિલ્હી કેપિટલ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો

,,...................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV BJP NEW PREZ

ભાજપના કાર્યકારી પ્રમુખ નીતિન નબીન પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. પાર્ટીના રાષ્ટ્રીય રિટર્નિંગ ઓફિસર ડૉ. કે. લક્ષ્મણે આજે નવી દિલ્હીમાં ભાજપ મુખ્યાલય ખાતે શ્રી નબીન ની પાર્ટી અધ્યક્ષ તરીકે નિમણૂકની જાહેરાત કરીને તેમને ચૂંટણીનું પ્રમાણપત્ર સોંપ્યું. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, રાજનાથ સિંહ, જેપી નડ્ડા અને નીતિન ગડકરી દ્વારા શ્રી નબીનનું સન્માન કરવામાં આવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી નબીનને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિમણૂક થવા બદલ અભિનંદન પાઠવતા કહ્યું કે શ્રી નબીન ભાજપનો વારસો આગળ ધપાવશે. તેમણે ભાર મૂક્યો કે શ્રી નબીન પાસે યુવા ઊર્જા અને સંગઠનાત્મક કાર્યમાં વ્યાપક અનુભવ છે જે પાર્ટીના દરેક કાર્યકર્તા માટે ખૂબ જ ફાયદાકારક રહેશે.

કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે શ્રી નબીન પોતાની વૈચારિક પૃષ્ઠભૂમિમાં પરિપક્વ છે, જેમણે ખૂબ જ નાની ઉંમરે પાંચ વખત ધારાસભ્ય તરીકે સેવા આપી હતી અને હાલમાં પણ ધારાસભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે એક યુવાન, ઉર્જાવાન, પ્રતિભાશાળી વ્યક્તિત્વે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી છે.

આ પ્રસંગે ભાજપના નવનિયુક્ત રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નીતીન નબીને સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

**(BYTE- NITIN NABIN, BJP)**

. . . . . . . . . . . . . . . . . . . . . .

# TN-GOVERNOR

તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિએ આજે રાજ્ય વિધાનસભામાં પોતાના પરંપરાગત ભાષણમાં, ડીએમકે સરકાર દ્વારા તૈયાર કરાયેલા ભાગને વાંચવાનો ઇનકાર કર્યો હતો. તેમણે તેમાં કેટલીક ભૂલો હોવાનું જણાવ્યું હતું.

લોકભવને કહ્યું હતું કે રાજ્યમાં 12 લાખ કરોડ રૂપિયાથી વધુના રોકાણનો તમિલનાડુ સરકારનો દાવો સાચો નથી. રાજ્યપાલ 234 સભ્યોની વિધાનસભાને સંબોધિત કર્યા વિના પાછા ફર્યાના થોડા સમય બાદ લોકભવને 13-મુદ્દાની સ્પષ્ટતા જારી કરી હતી. તે મુજબ, રાજ્યપાલનો માઇક્રોફોન વારંવાર બંધ કરવામાં આવતો હતો, જેના કારણે તેઓ બોલતા રોકાતા હતા.

લોકભવને જણાવ્યું હતું કે ભાષણમાં ઘણા પાયાવિહોણા દાવાઓ અને ભ્રામક નિવેદનો હતા, અને તેમાં જાહેર મુદ્દાઓને અવગણવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## ED-SABARIMALA

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આજે કેરળ, તમિલનાડુ અને કર્ણાટકમાં **21** સ્થળોએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ **(PMLA) 2002**ની જોગવાઈઓ હેઠળ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સબરીમાલા મંદિર સંબંધિત સોના અને અન્ય મંદિર સંપત્તિના દૂરઉપયોગના સંદર્ભમાં આ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

કેરળ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા નોંધાયેલી અનેક **FIRs** પરથી આ તપાસ કરાઇ છે જેમાં ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડના અધિકારીઓ, ખાનગી વ્યક્તિઓ, મધ્યસ્થી અને ઝવેરીઓની સંડોવણીના કાવતરાનો ખુલાસો થયો છે.

પ્રારંભિક તપાસમાં ખુલાસો થયો છે કે **2019-2025** ના સમયગાળા દરમિયાન સોને મઢાયેલી પવિત્ર કલાકૃતિઓને સત્તાવાર રેકોર્ડમાં તાંબાની

પ્લેટ તરીકે જાણી જોઈને ખોટી રીતે રજૂ કરવામાં આવી હતી અને મંદિર પરિસરમાંથી ગેરકાયદેસર રીતે દૂર લઇ જવાઇ હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## ADNOC-HPCL SIGN

અબુ ધાબીની નેશનલ ઓઇલ કંપની ગેસ અને તેની પેટાકંપનીઓએ હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ સાથે 10 વર્ષના લિક્વિફાઇડ નેચરલ ગેસના વેચાણ અને ખરીદી કરાર પર હસ્તાક્ષર કર્યા. જેનું મૂલ્ય 2.5 થી 3 અબજ અમેરિકન ડોલર વચ્ચે છે. આ કરારની જાહેરાત સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનની ભારત મુલાકાત દરમિયાન કરવામાં આવી હતી.

આ કરાર હેઠળ, અબુ ધાબીની નેશનલ ઓઇલ કંપની ગેસ HPCL ને વાર્ષિક 0.5 મિલિયન ટન LNG સપ્લાય કરશે. કંપનીના વડાએ જણાવ્યું હતું કે, આ કરાર UAE અને ભારત વચ્ચે મજબૂત અને વધતી જતી ઊર્જા ભાગીદારીને પ્રતિબિંબિત કરે છે. આ કરાર 2030 સુધીમાં કુદરતી ગેસનો હિસ્સો તેના ઊર્જા મિશ્રણના 15 ટકા સુધી વધારવાની ભારતની યોજનાને સમર્થન આપે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# BOMBAY-HC MAHA GOVT

આદિવાસી મેલઘાટ વિસ્તારમાં સતત બાળ અને માતા મૃત્યુને રોકવામાં ખૂબ ઓછી પ્રગતિ કરવા બદલ બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર સરકારની ઝાટકણી કાઢી છે. કોર્ટે રાજ્યને ચાર અઠવાડિયામાં આરોગ્ય સંભાળ, માળખાગત સુવિધાઓ અને ભૂતકાળની સમિતિના અહેવાલોના અમલીકરણને આવરી લેતો વ્યાપક રોડ મેપ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને અભય મંત્રીની બેન્ચ કાર્યકર્તાઓ ડૉ. રાજેન્દ્ર બર્મા અને બંધુ સાને દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીઓની સુનાવણી કરી રહી હતી, જેમાં મેલઘાટમાં ક્રોનિક કુપોષણ, સ્ટાફની અછત, નબળી માળખાગત સુવિધા અને વધતા બાળ મૃત્યુને ઉજાગર કરવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## EU SUMMIT-GREENLAND TARIFFS

યુરોપિયન યુનિયન દેશોના નેતાઓ આ ગુરુવારે એક આપાતકાલિન સમિટ યોજશે. યુરોપિયન કમિશનના પ્રવક્તા ઓલોફ ગિલે જણાવ્યું હતું કે, આ બેઠકમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ હસ્તગત કરવાની ઇચ્છા સાથે જોડાયેલા ટેરિફની અમેરિકાની ધમકીઓ પર ચર્ચા કરાશે.

તેમણે કહ્યું કે, ટેરિફ ધમકીઓ પર EU વોશિંગ્ટન સાથે તમામ સ્તરે વાતચીત કરી રહ્યું છે અને તેના આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે દરેક શક્ય પગલાં લઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, જો ધમકીભર્યા ટેરિફ લાદવામાં આવે તો સંગઠન જવાબ આપવા માટે તૈયાર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

## IRAN PORTEST

હ્યુમન રાઇટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, ઈરાનમાં, રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનમાં ચાર હજાર 029 લોકો માર્યા ગયા હતા અને 26 હજારથી વધુ લોકોની અટકાયત કરવામાં આવી હતી.

મૃતકોમાં મોટાભાગના પ્રદર્શનકારીઓ હતા, જેમાં બાળકોનો પણ સમાવેશ થાય છે, જોકે મૃત્યુઆંક સ્વતંત્ર રીતે ચકાસી શકાતો નથી. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીને સ્વિટ્ઝર્લૅન્ડના દાવોસ ખાતે વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં બોલવા માટે મળેલું આમંત્રણ હત્યાઓ બાદ પાછું ખેંચી લીધું હતું. મ્યુનિક સુરક્ષા પરિષદે અલગથી ઈરાની સરકારી અધિકારીઓને આ કાર્યવાહી પર આમંત્રણ પાછું ખેંચી લીધું હતું.

ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીએ હજારો લોકોના મોતનો સ્વીકાર કર્યો હતો આ મોત માટે  અમેરિકાને દોષી ઠેરવ્યા હતા અધિકારીઓએ વિરોધીઓ માટે કડક સજાની ચેતવણી આપી હતી, જેનાથી ફાંસીની આશંકા વધી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . .

## KHELO INDIA WINTER GAMES 2026

લદ્દાખના લેહમાં છઠ્ઠા ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સની શરૂઆત થઈ છે. લેફ્ટનન્ટ ગવર્નર કવિન્દર ગુપ્તાએ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. 21 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ખેલાડીઓ આઇસ સ્પોર્ટિંગ ઇવેન્ટ્સ - હોકી અને સ્કેટિંગમાં ભાગ લેશે.

**(બાઈટ – મુકેશ બલ)**

. . . . . . . . . . . . . . . . . . . . .

## CRICKET -WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, દિલ્હી કેપિટલ્સ આજે સાંજે વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે લીગ મેચમાં મુંબઈ ઇન્ડિયન્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થવાની છે.

ગઈકાલે, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગુજરાત જાયન્ટ્સને 61 રનથી હરાવ્યું. WPL 2026 બે-શહેરના ફોર્મેટમાં યોજાઈ રહી છે. ટુર્નામેન્ટનો નવી મુંબઈ લીગ પૂર્ણ કર્યા પછી, પાંચેય ટીમો સ્પર્ધાના બીજા ભાગ માટે ગુજરાતમાં પહોંચી છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## WEATHER

ભારતીય હવામાન વિભાગએ આવતીકાલ સુધી પંજાબના છૂટાછવાયા વિસ્તારોમાં સવાર અને રાત્રિના સમયે ગાઢ ધુમ્મસ રહેવાની આગાહી કરી છે.

બિહાર, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને પંજાબમાં આજે અલગ અલગ સ્થળોએ ગાઢ ધુમ્મસની આગાહી પણ કરી છે. હવામાન વિભાગએ જણાવ્યું કે આજે હિમાચલ પ્રદેશમાં શીત લહેરની સ્થિતિની અપેક્ષા છે. આગામી 3 દિવસ દરમિયાન મહારાષ્ટ્રમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસનો ધીમે ધીમે વધારો થવાની આગાહી કરી છે.

. . . . . . . . . . . . . . . .